# રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (NDD) રાઉન્ડની માર્ગદર્શિકા
# (૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨)

## (૧)રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ/રાઉન્ડ માટેનું આયોજન:

(૧.૧) રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ (૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨) અંગે શાળા વાઇઝ, આંગણવાડી વાઇઝ, ગામ વાઈઝ ૧ થી ૧૯ વર્ષના તમામ બાળકોનો તારીખ પ્રમાણે માઈક્રોપ્લાન તૈયાર કરી રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવણીનું આયોજન કરવાનું રહેશે.

(૧.૨) ફિમેલ હેલ્થ વર્કર દ્વારા તેમના વિસ્તારના ૧ થી ૧૯ વર્ષ ના તમામ બાળકોની યાદી આંગણવાડી વર્કર અને આશા ના સહયોગથી બનાવવાની રહેશે. શાળામાં નોંધાયેલ બાળકોની યાદી સાથે આંગણવાડીમાં રજીસ્ટર થયેલ બાળકોની યાદી અને શાળાએ ન જતા તથા આંગણવાડીમાં રજીસ્ટર ન હોય તેવા તમામ બાળકોની યાદી આશા સાથે રહી તૈયાર કરવાની રહેશે. ઉકત તમામ બાળકોને આલ્બેન્ડાઝોલ ટેબલેટ (DOTS પદ્ધતિ થી) આપવાની રહેશે.

(૧.૩) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ (૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨) અંગે અઠવાડીયા ના વર્કીંગ દિવસો દરમ્યાન પ્રા.આ.કેન્દ્ર/તાલુકા/જીલ્લા લેવલ થી સુપરવિઝન અને મોનીટરીંગનો પ્લાન બનાવવાનો રહેશે. આ ઉપરાંત આઈ. સી. ડી. એસ વિભાગ અને ગામની આંગણવાડી સાથે સંકલનમાં રહી દરેક કક્ષાના સુપરવાઇઝર દ્વારા સુપરવિઝન અને મોનીટરીંગ થાય તે સુનિશ્ચિત કરવું.

(૧.૪) કોરોના વાઇરસની મહામારીને ધ્યાનમાં રાખી પ્રોટોકોલ મુજબ માઇક્રોપ્લાન તૈયાર કરવાનો રહેશે.

## (૨)સ્ટોક અને લોજીસ્ટીક :

(૨.૧) વર્ષ ૨૦૨૨-૨૩ રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ/રાઉન્ડ ૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨ દરમ્યાન કરવો અને વર્ષ ૨૦૨૧-૨૨ ના કાર્યભાર ગણતરી માટે Census ના ડેટાનો ઉપયોગ કરવો. કાર્યભાર મુજબ આલબેન્ડાઝોલ નો સ્ટોકશાળા અને આંગણવાડી સુધી રાઉન્ડ શરૂ થાય તે પહેલા પહોંચાડવાનો રહેશે. લક્ષ્યાંકના ૧૦% વધુ ઉમેરી સ્ટોક ગણવો અને જથ્થો આપવો.

(૨.૨) જિલ્લાકક્ષાએ આલબેન્ડાઝોલ ગોળીના સ્ટોકનું વિતરણ કરતી વખતે તેમજ શાળા/આંગણવાડીને જથ્થો આપતી વખતે નીચે પ્રમાણેની માહિતી જિલ્લાકક્ષાએ/પ્રા.આ.કે.કક્ષાએ રાખવાની રહેશે.

- મેન્યુફેકચર તારીખ
- એક્સપાયરી તારીખ
- બેચ નંબર

(૨.૩) ઉકત બાબતો પ્રમાણિત કર્યા બાદ જ ઉપયોગમાં લેવું

(૨.૪) આગણવાડી કાર્યકર દ્વારા આંગણવાડી કેન્દ્ર ખાતે વપરાતી સીરપ આલબેન્ડાઝોલ નો ઉપયોગ કરવો નહીં.

## (3) આલબેન્ડાઝોલ ગોળી આપવા માટે ઉંમર પ્રમાણેનો ડોઝ:

(3.૧) ૧ થી ૨ વર્ષની વયના બાળકોને આલબેન્ડાઝોલ 200 mg (400 mgની અડધી ગોળી) આપવાની રહેશે. (આલબેન્ડાઝોલ ગોળી વાટીને/ભુક્કો કરીને સ્વચ્છ પાણી સાથે આપવું)

(3.૨) ૨ થી ૧૯ વર્ષની વયના બાળકોને આલબેન્ડાઝોલ 400 mg (સંપુર્ણ ગોળી) આપવાની રહેશે.

(3.3) ફક્ત શાળાના શિક્ષક/ફિ.હે.વ./આંગણવાડી કાર્યકર/આશા ની હાજરીમાં આલબેન્ડાઝોલ ની ગોળી બાળકોને આપવાની રહેશે.

(3.૪) બાળકોને ગોળી ચાવવાનું કહેવું અને ચાવ્યા બાદ સ્વચ્છ પાણી આપવું. જેથી કરીને ગોળી ગળામાં ફસાઇ ન જાય.. જો બાળક બીમાર હોય તો ગોળી આપવી નહી.

## (૪) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ/રાઉન્ડ માટેનો પ્રચાર-પ્રસાર:

(૪.૧) ૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨ દરમ્યાન રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટે સોશીયલ મિડીયાના માધ્યમ થી સ્થાનિક કક્ષાએથી આઇ.ઇ.સી.નું આયોજન કરી બહોળો પ્રચાર પ્રસાર કરવાનો રહેશે.

(૪.૨) ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્રો/શાળા (સબ સેન્ટરો) પર રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ, ૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨ ને લગતા મુખ્ય સંદેશા ભીંત લખાણો દ્વારા દર્શાવી શકાય. આંગણવાડી કેન્દ્રો અને પેટા કેન્દ્રો પર IEC માટે જિલ્લામાં ઉપલબ્ધ IECબજેટ પણ વાપરી શકાય, જે માટે હોડીંગ્ઝ,બેનર, પોસ્ટર દ્વારા IEC કરી શકાય.

**(૫) રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ તાલીમ:**

(૫.૧) જિલ્લા/કોર્પોરેશન કક્ષાએ અનેતાલુકાકક્ષાએરાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ રાઉન્ડ માટે યોગ્ય તાલીમની વ્યવસ્થા કરવી. કોરોનાની મહામારી દરમ્યાન ભારત સરકારશ્રીની ગાઇડલાઇન નો અમલ કરવાનો રહેશે. આ તાલીમમાં દરેક એ.એન.એમ, આંગણવાડી કાર્યકરતથા આશા નો સમાવેશ કરવાનો રહેશે.

**(૬) આલબેન્ડાઝોલ 400 mg ની જાળવણી માટે રાખવાના તકેદારીના પગલાં :**

(૬.૧) જરૂરીયાત મુજબ બ્લોક હેલ્થ / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / સબ સેન્ટર / આંગણવાડી કેન્દ્રો ખાતે જરૂરીયાત મુજબના પુરવઠાની ચકાસણી કરવી. NDDકીટ આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mg, ટ્રેનિંગ હેન્ડઆઉટ, આઇ.ઇ.સી., રીપોર્ટીંગ ફોર્મ સાથે રાખવું. ઉપરોકત રાઉન્ડ ના ટાર્ગેટ મુજબનો આલબેન્ડાઝોલનો જરૂરીયાત મુજબનો જથ્થો એ.એન.એમ, આશા, આંગણવાડી કાર્યકર પાસે રાઉન્ડ શરૂ થાય તે પહેલા મળી જાય તે મુજબની ખાતરી કરવી. જિલ્લા કક્ષાએ RBSK ટીમનો ઉપયોગ કરવો.

(૬.૨) તમામ સ્તરે દવાઓ ઠંડી, સુકી અને સ્વચ્છ જગ્યાએ રાખવી અને સીધા સુર્ય પ્રકાશ માં ન હોય એ જોવું.

(૬.3) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mgને બાળકોની પહોંચની બહાર તથા ઉંદર, ખિસકોલી જેવા પ્રાણી થી દુર રાખવી. તડકાથી દુર અને ઠંડકમાં રાખો. (પણ ફ્રિજમાં રાખવી નહી.)

(૬.૪) હાલની કોરોના વાઇરસની મહામારી ને કારણે રાજય કક્ષાએથી તકેદારીના ભાગરૂપે આપવામાં આવેલ તમામ પ્રકારની સૂચનાનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે. ડોર ટુ ડોર મુલાકાત દરમ્યાન જરૂરી સાવચેતી ના પગલા લેવા.

(૬.૫) IPC (Infection Prevention control ) મુજબ જરૂરી સાવચેતી રાખવી.

.

**(૭) આડ-અસરની માટેની તકેદારી: (Adverse Event Management (AEM)**

(૭.૧) ખાસ કરીને બાળકોના આંતરડામાં કૃમિનો ચેપ વધુ હોઇ આ બાબતે ભયભીત ન થવું. કેટલાક બાળકોમાં ગોળીના સેવન બાદ ઉબકા, પેટમાં દુખાવો, ઉલટી, ઝાડાઅને થાક લાગવો જેવા લક્ષણો ઉભા થઇ શકે. શાળા કે આંગણવાડી ખાતે નોંધાયેલ કોઇપણ ઘટના સમયે ગભરાવું નહી અને એડવર્સ ઇવેન્ટ મેનેજમેન્ટ પ્રોટોકોલ મુજબ બાળકની સારવાર કરવી.

(૭.૨) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mgચાવી શકાય છે. તેમ છતાં જો બાળકને ગોળી ગળતા ગળાના ભાગમાં ફસાઇ જાય, શ્વાસ લેવામાં બાળકને તકલીફ થાય તો બાળકને તમારા ખોળામાં ઉંધુ રાખી ગોળી બહાર ન નીકળી જાય ત્યાં સુધી પીઠ થપથપાવવી. કોઇપણ તબીબી સહાય માટે ફોન નંબર હેન્ડ આઉટમાં અચુક લખવો.

(૭.3) ઇમરજન્સી રીસ્પોન્સ ટીમની રચના કરીડીજીટલ માધ્યમ/સોશીયલ માધ્યમ દ્વારા શાળા/આંગણવાડી ખાતે પ્રચાર કરવો. તથા દરેક સ્ટાફને તેના વિશે માહિતગાર કરવા.

(૭.૪) જરુર જણાયે RBSK ટીમનો પણ ઉપયોગ કરવો.

**(૮) રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ / રાઉન્ડનું રેકોર્ડીંગ અને રીપોર્ટીંગ :**

(૮.૧) આલબેન્ડાઝોલ ટેબ્લેટ 400 mgઆપ્યા પછી રસીકરણ કાર્ડ/રજીસ્ટર માં યાદીમાં એન્ટ્રી કરવાની રહેશે.

(૮.૨) રાજ્ય કક્ષાએ રાષ્ટ્રીય કૃમિ નાશક દિવસ ૧૦ ઓગસ્ટ થી ૧૭ ઓગસ્ટ -૨૦૨૨ રાઉન્ડ માટે મોનીટરીંગનો રીપોર્ટ આપેલ લીંક દવારા તમામ જિલ્લા/કોર્પોરેશન દ્વારા કરવાનો રહેશે.

(૮.3) તાલુકા કક્ષાએથી રીપોર્ટ થયા બાદ જીલ્લા કક્ષાએથી રીપોર્ટ સક્ષમ અધિકારીશ્રી દ્વારા એપ્રુવ કરવાનો રહેશે.